**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા૧૭/૦૭/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૬/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૩૪૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૭/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૮/૧૯**

**વસ્ત્રાપુરઃ** એસ.જી.હાઇવે એસ.બી.આઇ.બેન્કના બ્રાન્ચ મેનેજર તિલકરાજ શિવદયાલ આહુજા એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૧૯ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૮૨૮૭૪૪૫૩૮૧ ના ધારકે ફોન એસ.બી.આઇ. બેન્ક એસ.જી.હાઇવે બ્રાન્ચ ખાતે બેન્કના મોબાઈલ નંબર ઉપર ફોન કરી પોતાની ઓળખ લેન્ડમાર્ક કાર્સ પ્રા.લી. એસ.જી.હાઇવે શો રૂમના ડીરેક્ટર મયંક બાજપાઇ તરીકે આપી કહેલ કે મારૂ એક કરંટ ખાતું તમારી બ્રાન્ચમા લેન્ડમાર્ક કાર્સ પ્રા.લી.ના નામનુ છે. મારી પાસે હાલ એક જ ચેક છે. અને આ ચેકની મારે એફ.ડી. કરાવવી છે. અને અરજન્ટમા મારા ખાતામાંથી નૌશાદ આલમના ખાતામા રૂપિયા ટ્રાન્સફર કરવા છે. જેથી તમને હુ ઇમેલ કરૂ છુ. જેમા રૂપિયા ૮,૨૩,૦૦૦/- ટ્રાન્સફર કરી દો. અને મારી ચેકબુકની રીક્વેસ્ટ અંગેનો બીજો લેટર હું તમારી બેન્કને આપીશ. ત્યારબાદ બેન્કના ઇમેલ એડ્રેસ ઉપર ચેક કરતા રજુઆત વાળો ઇમેલ મોકલેલ હતો. જે ઇમેલ મુજબ બ્રાન્ચમા ડીટેલ ચેક કરતા લેન્ડમાર્ક કાર્સ પ્રા.લી.ના નામનુ કરંટ ખાતું હતુ. અને તેમા મયંક બાજપાઇ તથા બીજા ચાર ડાયરેક્ટરોના નામ હતા તેથી ઇમેલ મુજબ રૂપિયા ૮,૨૩,૦૦૦/- ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યાર બાદ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે લેન્ડમાર્ક શો રૂમમાંથી બેન્કમાં એક પુરૂષ આવેલ અને તેણે કહેલ કે અમારી કંપનીના એકાઉન્ટમાંથી રૂપિયા ૮,૨૩,૦૦૦/- ટ્રાન્સફર થયેલ છે. તેવી વાત કરતા ઉપરોક્ત મુજબની હકીકત જણાવેલ અને આ પુરૂષે કહેલ કે આ મયંક બાજપાઇ તો મુંબઇ બેસે છે અને આ મયંક બાજપાઇ અમારી કંપનીના ઓથોરાઇઝ સિગ્નેટરી નથી. ત્યારે બેન્ક મેનેજર તિલકરાજ આહુજાએ માલુમ પડ્યુ હતુ કે ફોન કરનાર વ્યક્તિએ રૂપિયા ૮,૨૩,૦૦૦/- ટ્રાન્સફર કરાવી ઉપાડી લઈ બેન્ક સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** વિજયભાઈ કેશરદાન રેણુકા (રહે. તેજેન્દ્ર પાર્ક સોસાયટી પુરુષોતમનગર સામે વિરાટનગર ઓઢવ) એ તા.૧૬/૭/૧૯ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૧૮ થી તા.૨૩/૦૧/૧૯ સુધીના સમયગાળા દરમ્યાન સોલા ભાગવત મંદિરની બાજુમાં આવેલ મગલમ નિર્માણ -૨માં ફ્લેટ ન.સી/૧૦૨ ખાતે આરોપી મિતેશ ચંદ્રભાઈ ગજ્જર (રહે.મહાત્માપાર્ક દેવપથ ફ્લેટ નવા વાડજ) એ વિજયભાઈ રેણુકાના પુત્રના કેનેડાના સ્ટુડન્ટ વિઝા કરી આપવાના બહાને રૂપિયા ૫,૧૫,૦૦૦/- મેળવી લઈ વિઝા અંગેની પ્રોસીજરના ખોટા કાગળો બતાવી કોઈ કાર્યવાહી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**<u>ઘરફોડઃ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૯/૧૯</u>**

**નરોડાઃ** મોહનભાઇ નાથાલાલ ભોઇ (રહે.પટેલ વાસની બાજુમા નાના ચીલોડા ગામ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૧૯ રાતના ૧૦/૦૦ થી તા.૧૬/૦૭/૧૯ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઓસરીમા ખાટલા ઉપર મુકેલ મોબાઇલ ફોન તથા ઓશીકા નીચેથી ઘરના દરવાજાની ચાવી અજાણી વ્યક્તિએ ચોરી કરી તાળુ ખોલી સોના-ચાદીના દાગીના કિમત રૂપિયા ૪૩,૦૦૦/- તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૨,૦૦૦/- મળી કિમત રૂપિયા ૧,૯૫,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**શહેરકોટડાઃ** નિમેશભાઈ પ્રેમજીભાઈ ચાવડા (રહે. સહકારનગર અનિલ વકીલની ચાલીમાં રાજીવભવન પાછળ મેમ્કો) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૧૯ સવારના ૯/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વિંટી નંગ-૬ કિમત રૂપિયા ૭૫,૦૦૦/-, સોનાનુ નેકલેસ કિમત રૂપિયા ૬૨,૦૦૦/-, સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચાંદીનો કંદોરો કિમત રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૬,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ હાલતમાં મૃત ભૃણ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૦/૧૯</u>**

**ખોખરાઃ** તા.૧૬/૦૭/૧૯ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા ખોખરા વોરાની ચાલી નજીક અજાણી વ્યક્તિએ તાજુ જન્મેલ મૃત ભૃણ ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા ખોખરા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**<u>બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૧/૧૯</u>**

**દાણીલીમડાઃ** ઇમરાનખાન કાદરખાન પઠાણ (ઉ.વ.૩૫) (રહે. વટવા ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૧૬/૭/૧૯ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા છીપા સોસાયટી અલીશા કોમ્પેક્ષ ખાતે બીજા માળે કલર કામ કરતા હતા ત્યારે બીજા માળેથી પગ લપસી જતા નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એઇમ્સ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૨/૧૯**

**શહેરકોટડાઃ** શૈલેષભાઇ છપ્પનભાઇ પટણી (ઉ.વ.૩૪) (રહે. પંડિતનગર સોસાયટી ભગવતીનગર સામે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૭/૧૯ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇશ્વરભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** દિપકભાઇ ધનાભાઇ બાવરી (ઉ.વ.૨૭) (રહે. નહેરૂનગરના છાપરાં કેવલ કચોરી પાસે "એફ" વોર્ડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૭/૧૯ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન. પટેલ ચલાવે છે.

**મણીનગરઃ** સચીનભાઈ મનસુખભાઈ રાઠોડ (રહે. શંકરપુરા ગોમતીપુર) એ બિમારીથી કંટાળી તા.૨૫/૬/૧૯ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે હોસ્પીટલના ત્રીજા માળેથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મણીનગર પોલીસ ચલાવે છે.

**વટવાઃ** શુશીલકુમાર દીનાનાથ વિશ્વકર્મા (ઉ.વ.૨૯) (રહે. વાંદરવટ તલાવડી ઉપર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૬/૧૯ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની પાઈપમાં નાયલોન દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.